Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal - Shreemati Saraswatiben Ramanlal Shah Sanskrutik Bhavan, Nr. Godawari Dehrasar, Vasna, Ahmedabad-380007.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

વેર બાંધવું એ મનુષ્યનું કર્તવ્ય નથી, મનુષ્યનું કર્તવ્ય ક્ષમા છે.

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Year - 21 ● Issue No. - 252 ● 1st September 2024 Price Rs. 2/- ● Pages-16

જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : પ્રમોદભાઈ એન. ગાંધી 93270 07054
સહ સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444

ભાઈલાલભાઈ એન. ગાંધી..........(સમોડા) 99257 22324
મીહીરભાઈ એચ. શાહ..........(બોકરવાડા) 98982 58515
ભાવેશભાઈ એમ. શાહ.............(ભાલક) 94277 02080

**મેનેજીંગ ટ્રસ્ટી**

જશવંતલાલ પી. શાહ..........(ભાલક) 99747 16584

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................ (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ..................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ.................. (મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ............... (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ.................. (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................ (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. .................. (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી...............(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ..................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી.............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ..................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................. (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ..............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................. (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ.................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ..................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ....................... (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ..............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ. મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિ જનો,

આ વર્ષે નાની-મોટી કોઈપણ તપસ્યા કરનાર સર્વે તપસ્વીઓની ભૂરિ ભૂરિ અનુમોદના. ક્ષમા વીરસ્ય ભૂષણમ્ । પરમાત્માએ દેશનામાં કોઈપણ જીવને દુ:ખ ન આપવાનું કહેલું છે. આપણા સમગ્ર સમાજના કોઈ પણ જ્ઞાતિજનને અમારાથી જાણતાં કે અજાણતાં, વૈચારિક, શાબ્દિક કે દૈનિક વર્તનથી દુ:ખ થયું હોય તો સર્વેને ખમાવવાનું સદ્ભાગ્ય અમને મળ્યું છે. સાંવત્સરિક પર્વના પાવન પ્રસંગે અમે નત્ મસ્તકે, કર જોડીને અંત:કરણપૂર્વક સૌને ખમાવીએ છીએ. "મિચ્છામિ દુક્કડમ્"

### તપસ્વી બહુમાન

તા.૨૨-૦૯-૨૦૨૪, રવિવાર ● બપોરે ૨-૦૦ થી ૫-૦૦ ● જ્ઞાતિહોલ, વાસણા

તપસ્વી બહુમાન અને સ્વામિવાત્સલ્ય કાયમી યોજનાના મુખ્ય સૌજન્યદાતા શ્રીમતી સુભદ્રાબેન સુમતિલાલ કેશવલાલ ન્હાલચંદ સરૈયા, તેમના સુપુત્રો : ભરતભાઈ, દીપકભાઈ અને કમલેશભાઈ પરિવાર (ઉનાવા-અમેરીકા). તપસ્વીઓના બહુમાન બાદ સ્વામિવાત્સલ્ય (ચૌવિહારના સમય સુધી જ) રાખેલ છે. સૌને લાભ આપવા વિનંતી.

### અગત્યની સુચના

અન્નનો બગાડ ન થાય તથા સ્વામિવાત્સલ્યમાં સુવ્યવસ્થા જળવાઈ રહે તે આશયથી આ વખતે સ્વામી-વાત્સલ્યના પાસના ટોકન રૂ.૨૦/- રાખવામાં આવેલ છે. આ પાસ તા.૦૫-૦૯-૨૪ થી તા.૧૫-૦૯-૨૪ સુધીમાં કાર્યાલયના સમય દરમ્યાન મેળવી લેવા નમ્ર વિનંતી છે. સોમવારે કાર્યાલય બંધ રહે છે. (રજા હોય છે.) સ્વામી વાત્સલ્યના પાસ વિના આપને અગવડ ન પડે તે માટે આપ પાસ અચૂક મેળવી લેશો. સહકાર આપવા વિનંતી.

જૈન શાસ્ત્ર કહે છે કે સત્કાર્યની તપસ્યાની અનુમોદના કરવાથી અઢળક પુણ્ય મળે છે અને આ તો તપસ્વીઓની અનુમોદના કરવાનો લાભ મળવાનો. તો આવો તા.૨૨-૦૯-૨૪ના બહુમાનના કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને તપસ્વીઓને વધાવીએ. "જૈનમ્ જયતિ શાસનમ્"

સમાજના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ અનિવાર્ય છે. જ્ઞાતિમંડળ સદાયે શિક્ષણને સર્વોચ્ચ મહત્વ આપે છે. આધુનિક સમયમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના લીધે દરેક ક્ષેત્રમાં ખૂબ જ પરિવર્તન થઈ રહ્યું છે. જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરી છે. જે ઇચ્છીએ તે માહિતી ઉપલબ્ધ થાય છે. ડીસ્ટન્સ લર્નીંગ શક્ય બન્યું છે. આ સંજોગોમાં આપણા જ્ઞાતિ-સમાજમાં પણ શિક્ષણની પ્રગતિ જોવા મળી રહી છે. જ્ઞાતિમંડળ દર વર્ષની જેમ આ વર્ષે પણ ધોરણ ૧ થી ૧૨ તેમજ ઉચ્ચ શિક્ષણના તેજસ્વી વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન મળે તે માટે ઈનામ-વિતરણનો કાર્યક્રમ યોજેલ છે.

# પરિવાર પત્રિકા
**સૌજન્ય દાતા**
**(જાન્યુઆરી-૨૪ થી ડીસેમ્બર-૨૪)**



**સ્વ.જીગ્નેશભાઈ અરવિંદભાઈ શાહ**
(મોટપ-અમદાવાદ)
જન્મ તા.૦૫-૦૮-૧૯૭૫ - સ્વ.તા.૧૮-૦૩-૨૦૧૪
ની સ્મૃતિમાં

અરૂણાબેન શાહ – રૂપલબેન શાહ
નીશીબેન – દીયાબેન
સંજયકુમાર – મોનાબેન
જૈની – આગમ

**અરવિંદભાઈ પૂનમચંદ શાહ**
(મોટપ-અમદાવાદ)
પરિવાર તરફથી અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા" મોકલવામાં આવશે.

### મંડળની વિવિધ પ્રવૃત્તિઓ
- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

### પરિવાર શુભેચ્છક
સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ .........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ...........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ..........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ...........(ખરોડ)

## શૈક્ષણિક પુરસ્કાર સમારોહ
તા.૨૨-૦૯-૨૦૨૪, રવિવાર • સમય : ૧૧-૩૦ કલાકે • જ્ઞાતિ હોલ, વાસણા

**કાયમી સૌજન્ય દાતા**
શ્રીમતી કંચનબેન બાબુલાલ દલસુખલાલ ગાંધી પરિવાર
સુપુત્રીઓ : નીપા અમિતભાઈ – રૂપાલી પરિનભાઈ

આપણા મંડળ દ્વારા સંચાલિત શૈક્ષણિક પ્રવૃત્તિના ભાગરૂપે ઉપરોક્ત બાબતે વર્ષ ૨૦૨૩-૨૪ના જે તેજસ્વી વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ પુરસ્કાર મેળવવાને પાત્ર થયા છે તેની યાદી આ અંકમાં છાપવામાં આવેલ છે. ધોરણ-૧ થી ૧૦માં પ્રથમ ત્રણને ઈનામ, ધો.૧૧-૧૨માં પ્રથમ બે ને ઈનામ અને કોલેજના સ્નાતક, અનુસ્નાતક તેમજ અન્ય ફેકલ્ટીના ડીગ્રી હોલ્ડર હોય તેમાં માત્ર પ્રથમ એક ને ઈનામ મળે છે. તે મુજબ આ યાદીમાં ક્રમ જાહેર કરેલ છે. યાદી ખાસ વાંચી લેવા વિનંતી. યાદી મુજબ જે વિદ્યાર્થી ઈનામને પાત્ર થયા હોય તેમણે સ્વયં અચૂક હાજર રહીને ઈનામ મેળવી લેવા વિનંતી છે. વિશેષ માહિતી માટે કન્વીનરશ્રી સંદીપભાઈ એસ. શાહ (મો.: ૯૮૨૫૭૮૭૫૪૯)નો સંપર્ક સાધી શકાય છે.

અમદાવાદ જ્ઞાતિ મંડળ દ્વારા યોજાતા શુભલગ્નમાં હવેથી વરપક્ષ તેમજ કન્યાપક્ષને ૭૫-૭૫ જમવાના પાસ વિના મૂલ્યે આપવામાં આવશે. મેડીકલ સહાય સ્કીમ અંતર્ગત દર મહિને બે ગુરુવારે ડૉ.શ્વેતાબેન આર. શાહ હોમિયોપેથીક માર્ગદર્શન અને દવા નિ:શુલ્ક આપે છે. તેના મેસેજ સંસ્થા દ્વારા વોટ્સએપથી મોકલવામાં આવે છે. આ સેવાનો સૌએ લાભ લેવા વિનંતી છે.

ભાવેશભાઈ એમ. શાહ–માનદ્મંત્રી • રમેશભાઈ સી. શાહ–સહમંત્રી

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશાશ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

**તપસ્વી બહુમાન • સાધર્મિક ભક્તિ**
તા.૨૨-૯-૨૪, રવિવાર • બપોરે : ૨-૦૦ કલાકે • સાંસ્કૃતિક ભવન, વાસણા

તા.૨૨-૦૯-૨૦૨૨૪, રવિવારના રોજ જ્ઞાતિહોલમાં "તપસ્વી બહુમાન" રાખવામાં આવેલ છે. સમગ્ર જ્ઞાતિના ભાઈ-બહેનોએ પ્રોગ્રામ પત્યા પછી સાધર્મિક ભક્તિનો લાભ લઈને જવા વિનંતી છે. જ્ઞાતિમાં જે ભાઈ-બહેનોએ ચાતુર્માસ દરમ્યાન ખીરસમુદ્ર, અઠ્ઠાઈ કે તેથી વધુ સળંગ ઉપવાસ, સિધ્ધિતપ, ગઈસાલ પૂર્ણ કરેલ વર્ષીતપ, ૯૯ યાત્રા, ધર્મચક્ર તપ, ઉપધાન તપ, ૬૪ પ્રહર પૌષધ કરેલ હોય તેમણે તા.૦૫-૦૯-૨૪ થી તા.૧૦-૦૯-૨૪ સુધીમાં જ્ઞાતિમાં જે મેસેજ મુકવામાં આવે છે. તેમાં લીન્ક મુકવામાં આવશે. એ લીંકમાં તમારું પુરૂ નામ, ગામનું નામ, ઉંમર વર્ષ અને કયું તપ છે. એ અને તમારો મોબાઈલ નંબર ભરવાનો રહેશે. ફોર્મ દરેક તપસ્વીએ એક જ વાર ભરવું. લીંક તા.૧૦-૦૯-૨૪ના રોજ રાત્રે ૧૧-૦૦ વાગે બંધ કરી દેવામાં આવશે. પછી કોઈના નામ લેવામાં આવશે નહી. તેની સૌએ નોંધ લેવી.

જે ભાઈ-બહેનોએ સ્વેચ્છાએ તપસ્યા નિમિત્તે પ્રભાવના કરવાની ઈચ્છા હોય તેઓએ પોતાનું પુરુ નામ, ગામનું નામ, પ્રભાવનાની રકમ કાર્યાલય સમય દરમ્યાન તા.૧૦-૦૯-૨૪ સુધી હોલમાં લખાવવાની રહેશે. સર્વે તપસ્વી ભાઈ-બહેનો કાર્યક્રમમાં હાજર રહે અને કાર્યક્રમ માણે તેમજ સફળ બનાવે એવી અમારી અભ્યર્થના. હાજર રહેનાર તપસ્વીઓનું જ બહુમાન કરવામાં આવશે. જેની સૌએ નોંધ લેવી.

દેવલબેન કે. શાહ-મંત્રી • સોનલબેન એસ. શાહ-સહમંત્રી



**રસિકલાલ ચીમનલાલ શાહ**
(લણવા-અમદાવાદ)
જન્મ તા.૨૪-૧૨-૧૯૩૦ ◦ સ્વ. તા.૨૬-૦૨-૨૦૨૧

**જિંદગીની મોટી સફળતા કઈ?**
**આપણી ગેરહાજરીમાં**
**અપાતો આપણા માટેનો અભિપ્રાય**

ચીમનલાલ પુનમચંદ શાહ
સરોજ મુકેશ શાહ • મુકેશ જે. શાહ
જીગર • હિમાંદ્રી • મોલિક • આનલ
રીયા-કહાન-વિહા
(ભાલક)

## તપસ્વી બહુમાનના સ્વાગત પ્રમુખ

### શ્રીમતી સુશીલાબેન બિપીનચંદ્ર શાહ (ભાલક)



મૂળ ભાલકના વતની શ્રી બીપીનચંદ્ર નરોત્તમદાસ શાહના ધર્મપત્ની શ્રીમતી સુશીલાબેનના પ્રસન્ન દામ્પત્ય અને સેવાભાવી જીવનશૈલીથી જ્ઞાતિજનો સુપરિચીત છે.

શ્રી બીપીનચંદ્ર પરિશ્રમ અને સરળ સ્વભાવના ઉમદા વ્યક્તિ છે. તેમના ધર્મપત્ની શ્રીમતી સુશીલાબેન ખૂબજ પરિશ્રમી અને સરળ સ્વભાવના સન્નારી છે. વડાવલી નિવાસી મફતલાલ મોહનલાલની દીકરી છે. પિયરમાંથી ધર્મના ઉચ્ચ સંસ્કારોનો વારસો લઈને આવેલ અને બહોળા પરિવારમાં સાકરની જેમ ભળી ગયા સાથે જ્ઞાતિની પ્રવૃત્તિમાં યોગદાન આપીને કાયમ અગ્રેસર રહેતા. તેમના પુત્ર-પુત્રીઓને યોગ્ય શિક્ષણ આપેલ છે. તેમના પુત્ર ચિ. મિહીરભાઈ પિતાજીના ધંધાને આગળ લઈ ગયા છે. તેમના પત્ની શ્રીમતી પારૂલબેનનો પણ કુટુંબને આગળ લાવવામાં ઉમદા ફાળો છે. સુશીલાબેનની પુત્રી શ્રીમતી રીનાબેન જયેશભાઈ ગાંધી (સમોડા) હાલ શારજાહ છે.

આવા સરળ કુટુંબના મોભી એવા શ્રીમતી સુશીલાબેન હંમેશા જ્ઞાતિમાં તેમજ મહિલા મંડળમાં ઉદાર હાથે તેમનો ફાળો આપે છે. દરેક પ્રવૃત્તિમાં કાર્યરત છે. જ્ઞાતિના ગૃહઉદ્યોગમાં પણ કાર્યરત હતા.

તપસ્વી બહુમાનના સ્વગત પ્રમુખ બનીને રૂા.૧૫,૦૦૦/-નું દાન આપેલ છે. સમાજ પ્રત્યેની ભાવનાને બિરદાવતા જ્ઞાતિ મંડળ તેઓશ્રીના પરિવારની ભૂરી ભૂરી અનુમોદના કરે છે. તેઓ આવા સત્કાર્ય કરતા રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

## તપસ્વી બહુમાનના મુખ્ય મહેમાન

### શ્રીમતી દેવાંશીબેન ભરતભાઈ શાહ (ઉનાવા)



આ વર્ષના તપસ્વી બહુમાનમાં રૂા.૨૧૦૦૦/-નું દાન આપી મુખ્ય મહેમાનનું પદ શોભાવનાર શ્રીમતી દેવાંશીબેન ભરતભાઈ શાહ (ઉનાવા-અમદાવાદ) ખુદ તપસ્વી છે. શ્રી ભરતભાઈએ પિતાશ્રી છોટાલાલ મોહનલાલના ફર્નિચર વ્યવસાયમાં યુવાવસ્થાથી કુશળતા પ્રાપ્ત કરેલી અને અત્યારે તેઓ ફર્નિચરના વ્યવસાયમાં માસ્ટરી ધરાવે છે. તેમના માતુશ્રી કંચનબેન અને પિતાશ્રીના ધાર્મિક સંસ્કારો અને ભરતભાઈના સાચા અર્થમાં સહધર્મચારીણી દેવાંશીબેને કૌટુંબિક જવાબદારીઓ પૂર્ણ કરવાની સાથે તરત ધર્મ-આરાધના શરૂ કરી દીધી હતી. ભરતભાઈએ મહેન્દ્રપૂરમ્‌માં શ્રી ભીડભંજન પાર્શ્વનાથની દેવકુલિકા (નં-૧૪૪) ભરાવેલી છે. આ બંનેએ પ્રથમ વર્ષીતપની પૂર્ણાહુતિ નિમિત્તે ભક્તામર પૂજન ભણાવેલું અને બંનેના બીજા વર્ષીતપની પૂર્ણતા થતાં, સરખેજ શ્રી વાસુપૂજ્ય જિનાલયે લઘુ શાંતિસ્નાત્ર ભણાવ્યું. તે પ્રસંગે અમદાવાદ મંડળની કારોબારી મહિલા મંડળ અને ઘણા આમંત્રિતોએ હાજરી આપેલી. આ દેવાંશીબેને પાલીતાણા સોળ ઉપવાસની તપસ્યા કરેલી. દંપતિએ બે ચોમાસા કર્યા. બંનેને અત્યારે વીસસ્થાનકની ઓળી ચાલુ છે તેમજ આયંબીલની ઓળીનો પાયો નાખેલ છે. મોરના ઈંડા ચીતરવા ન પડે અને કૂવામાં હોય તો હવાડામાં આવે તે ન્યાયે દેવાંશીબેનની સુપુત્રીઓ ચિ.ડાર્ગી અને ચિ.પ્રિયંકાએ અઠ્ઠાઈ અને ૧૧ ઉપવાસ કરેલા છે. તેમના સુપુત્ર ચિ. મલ્લિકે પણ બે અઠ્ઠાઈ અને ૧૦ ઉપવાસ કરેલા છે. તો પુત્રવધુ કેમ પાછળ રહે? અ.સૌ. બ્રિન્દાએ ૧૬ ઉપવાસ અને અઠ્ઠાઈ કરેલી છે. અને માસક્ષમણનું પારણું ૨૫મી ઓગષ્ટે થયું. શ્રીમતી દેવાંશીબેનને તેમના પતિશ્રી ભરતભાઈ, સુપુત્ર મલ્લિક, પુત્રવધુ બ્રિન્દા તરફથી સર્વ ધર્મકાર્યોમાં સંપૂર્ણ સહયોગ સાંપડે છે. આવા સુકૃત કરનાર, ધર્માનુરાગી દેવાંશીબેનને મહિલા મંડળ મુખ્ય મહેમાન તરીકે આવકારતા ગૌરવ અને ધન્યતા અનુભવે છે.

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશાશ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

### "મહિલા મંડળ સ્થાપના દિન - તા.૧૬-૦૮-૧૯૯૨"

મહિલા મંડળે ૩૨ વર્ષ પૂર્ણ કરીને ૩૩ માં વર્ષમાં મંગળ પ્રવેશ કરેલ છે. મહિલા મંડળની સ્થાપના ફક્ત ૧૨ બહેનોથી થઈ હતી. આ સમગ્ર જ્ઞાતિ માટે ખૂબ આનંદની વાત છે.

અમારા મંડળના આદ્યસ્થાપક ઉર્મિલાબેન એચ. શાહ કે જેઓ ભૂતપૂર્વ પ્રમુખ તરીકે ૨૭ વર્ષથી ઉમદા કામગીરી સાથે મંડળને ખૂબ જ અગ્રેસર, અદ્વિતીય તથા તેમની આગવી સૂઝથી સેવાઓ આપીને આ મંડળને વિશાળ વટવૃક્ષ બનાવેલ. કે જે નોંધપાત્ર હકીકત છે.

હાલમાં માનનીય પ્રમુખ શ્રીમતી પ્રવિણાબેન બી. ગાંધી કે જે ૨૩ વર્ષથી મંડળને સેવા આપી રહ્યા છે. ઉપપ્રમુખ શ્રીમતી દિપીકાબેન એચ. શાહ કે જેઓ ૩૨ વર્ષથી મંડળમાં સેવા આપી રહ્યા છે. જેમાં ૨૩ વર્ષ સેક્રેટરી પદે તથા ૬ વર્ષથી ઉપપ્રમુખ પદની સેવા આપી રહ્યા છે. જેઓની કાર્યકુશળતા મનમાં સરળતા એમની આગવી કોઠાસુઝ સૌ સાથે સમાનભાવ, સાથે આજસુધીની મહિલા કમિટીના દરેક કારોબારી સભ્યોના સાથ સહકાર સાથે ઉપપ્રમુખપદ શોભાવી રહ્યા છે.

ઉપરાંત અમારા મોટા મંડળનો તેમજ ટ્રસ્ટીમંડળનો મહિલા મંડળને દરેક પ્રવૃત્તિમાં અગત્યનો ઉમદા ફાળો છે. "જ્ઞાતિજનોને અમારાથી કેમ ભુલાય" તેઓ મહિલા મંડળના પ્રોગ્રામમાં "વીર ભામાશા"ના રૂપમાં દાતા બની ખૂબજ અમૂલ્ય સહકાર આપે છે. મહિલા મંડળનું સૂત્ર "સૌનો સાથ સૌનો વિકાસ" એજ મહિલા મંડળની સફળતાનું રહસ્ય છે. મહિલા મંડળ તથા મોટા મંડળને જ્ઞાતિજનોનું અમૂલ્ય દાન આપનાર દાતાઓનું તથા સર્વે મહિલામંડળના સભ્ય (આજીવન) બનેલ બહેનોનો ખૂબ જ આભારી છે. આ સૌ થકી જ મંડળ પ્રગતિના પંથે પ્રયાણ કરી રહ્યું છે.

અમદાવાદ મહિલા મંડળ તહેવારોને અનુરૂપ લઈ વિવિધલક્ષી મનોરંજન કાર્યક્રમ, સામાજીક કાર્યક્રમ, ધાર્મિક કાર્યક્રમ, જ્ઞાન સાથે ગમ્મત, બાળકો સાથે રમત-ગમતની હરિફાઈ, તપસ્વી બહુમાન, શેરી ગરબા, દીપાવલી સ્નેહમિલન તથા સાંસ્કૃતિક પ્રોગ્રામ જેવા પ્રોગ્રામ આપે છે.

મહિલામંડળ વતી અમારા આદ્યસ્થાપક ઉર્મિલાબેન એચ. શાહ (ઉનાવા) તથા માનનીય પ્રમુખ શ્રી પ્રવિણાબેન બી. ગાંધી (સમોડા) તથા માનનીય ઉપપ્રમુખ દિપિકાબેન એચ. શાહ (ગાંભુ) સૌ જ્ઞાતિજનોનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ તથા અમારા મહિલા મંડળના દરેક સભ્યોનો ભૂતપૂર્વ કારોબારી સભ્યોનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરીએ છીએ, સાથે હરહંમેશ આજ રીતે સાથ સહકાર દ્વારા મહિલા મંડળમાં સફળતાના ઊચ્ચ શિખરો સર કરે તેવી શુભકામના.

દેવલબેન કે. શાહ-મંત્રી • સોનલબેન એસ. શાહ-સહમંત્રી

સેવા
સહકાર
સંકલન
સંગઠન

# સંપાદકિય

વધારે સમજદાર......
અને
વધારે મૂર્ખ.....
વચ્ચે કોઈ ફરક નથી હોતો..
બન્ને કોઈનું કહ્યું
માનતા નથી.!

✦✦✦✦✦✦✦✦✦✦

સંપત્તિનો વારસો
સુખી બનાવે તેની
કોઈ ખાતરી નથી હોતી.
સાહેબ...
પરંતુ
સ્નેહ,લાગણી નો વારસો
સુખી બનાવે તેની
સંપૂર્ણ ખાતરી હોય છે..

✦✦✦✦✦✦✦✦✦✦

દરેક કામમાં જોખમ હોય છે
પરંતુ.....
કશું નહી કરવામાં
મોટું જોખમ હોય છે.

✦✦✦✦✦✦✦✦✦✦

માણસ વસ્ત્ર બદલે છે
મકાન બદલે છે
સંબંધ બદલે છે
છતાં પણ એ દુખી રહે છે,
કેમકે
તે પોતાનો સ્વભાવ નથી બદલતો.

✦✦✦✦✦✦✦✦✦✦

ભણેલા અને અભણ વચ્ચેનો
સૌથી મોટો તફાવત
અભણ એકબીજાને
માનથી બોલાવે,
ઘણું ભણેલો એકબીજાને
કામથી બોલાવે,

✦✦✦✦✦✦✦✦✦✦

અનુભવ જ શિખવાડે છે
કે જીંદગી કેમ જીવાય,
બાકી ઊંચું ભણેલાં લોકો
પણ રખડે છે..!!

મજબૂરી
મોડી રાત સુધી જગાડે છે
અને
જવાબદારી
સવારે જલ્દી ઉઠાડી દે છે
સાહેબ..!

✦✦✦✦✦✦✦✦✦✦

સાચો સંબંધ
એ પુસ્તક જેવો હોય છે,
પુસ્તક ગમે એટલું જૂનું થઈ જાય
તો પણ એ ક્યારેય
પોતાના શબ્દો
બદલતું નથી.

✦✦✦✦✦✦✦✦✦✦

બધે મંદિરમાં તું મને
શું કામ શોધે છે.
તું જયાં જયાં
પેટ ભરીને પાપો કરે છે ,
ત્યાં બધે પણ હું હોવુ છું જ

✦✦✦✦✦✦✦✦✦✦

જીવનમાં સંપત્તિ
ઓછી મળશે તો ચાલશે
પણ સંબંધ એવા મેળવો કે
કોઈ એની કિંમત પણ
ના કરી શકે.

✦✦✦✦✦✦✦✦✦✦

નથી આસાન તોયે માણવાની છે
...જિંદગી.....
અઘરી છતાં મજાની છે
...જિંદગી...
બધું તો ધાર્યું થતું નથી આપણું.....
પણ જે થાય છે....
એમાં જ ખુશી શોધવાની છે
...જિંદગી..

✦✦✦✦✦✦✦✦✦✦

શિક્ષણ એક જીવંત ક્ષણનું
જ્ઞાન પૂરું કરે છે,
જે દરેક ચિંતન અને
અનુભવોને શીખવાની
શક્તિ આપે છે.

વાણી અને પાણી બંને માં
છબી દેખાતી હોય છે....,
જો પાણી સ્વચ્છ હોય તો
ચિત્ર દેખાય છે....,અને
વાણી મધુર હોય તો
ચરિત્ર દેખાય છે...!!!

✦✦✦✦✦✦✦✦✦✦

સબંધ સાચવવા
અઘરા નથી હોતા
પરંતુ
સબંધ ની સાથે જોડાયેલા
અલગ અલગ વિચારોને
સાચવવા અઘરા છે.

✦✦✦✦✦✦✦✦✦✦

વટ રાખીને જીવવાનો
કોઈ મતલબ નથી,
નીતિથી જીવશો તો
આપોઆપ વટ પડશે.

✦✦✦✦✦✦✦✦✦✦

સ્વજન સાથે
પ્રેમ જાળવી રાખવો
હોય તો....
આ બે સુત્રો અપનાવવાં
જોઈએ....!
તેમનું "સાંભળવું"....
અને...
તેમને "સંભાળવા"

✦✦✦✦✦✦✦✦✦✦

"પુસ્તક" ની જેમ
"વ્યક્તિઓને" પણ
વાંચતા શીખવું પડશે
સાહેબ...
કારણ કે પુસ્તકો
"જ્ઞાન" આપે છે
અને
વ્યક્તિઓ "અનુભવ"

✦✦✦✦✦✦✦✦✦✦

ગૂંચવાઈ જાય એ નહીં પણ,
ગૂંથાઈ જાય એ જ સંબંધ.

પ્રમોદ એન. ગાંધી–સંપાદક ● બકુભાઈ સી. ગાંધી–સહસંપાદક

# "યૂથ ફોરમ"



## ક્રિકેટ મહાકુંભ - YPL-2024

પ્રિય જ્ઞાતિજનો,

વર્ષ ૨૦૧૮, ૨૦૧૯ તેમજ ૨૦૨૨ ની અભૂતપૂર્વ સફળતા બાદ ફરી એકવાર અમદાવાદ મંડળ યુવા સમિતિ દ્વારા આગામી ડિસેમ્બર માસમાં તારીખ ૨૧ તેમજ ૨૨ ના રોજ અતિ રોમાંચક અને આકર્ષક બે દિવસીય ક્રિકેટ મહાકુંભ YPL (Youth Premier League-2024) માટેનું આયોજન અમદાવાદના લોર્ડ્સ સમા SGVP ક્રિકેટ ગ્રાઉંડ પર અમદાવાદમાં રહેતા સભ્યો/સભ્ય પુત્ર માટે તેમજ અમદાવાદમાં રહેતા સભ્ય પત્ની, પુત્રી, પુત્રવધૂ માટે કરવામાં આવેલ છે.

આ ટૂર્નામેંટમાં ભાગ લેવા ઇચ્છુક અમદાવાદમાં વસતા સર્વે Male/Female મિત્રોને જણાવવાનું કે આ અંગેનું ઓનલાઈન રજીસ્ટ્રેશન સપ્ટેમ્બર માસની ૧૦ તારીખ નાં સવારે ૯.૦૦ કલાકે જ્ઞાતિ વેબસાઇટ www.47dashashrimali.com ઉપર ખુલ્લું મૂકવામાં આવશે અને તારીખ ૨૦ સપ્ટેમ્બર ના રાત્રિ ના ૧૨.૦૦ વાગ્યે બંધ કરી દેવામાં આવશે. ત્યારબાદ વહેલા તે પહેલા ના ધોરણે ટીમ ગઠન કરવામાં આવશે અમદાવાદ મંડળ ની બે દિવસીય પુરુષ ક્રિકેટ ટુર્નામેંટનું આયોજન આવેલ રજીસ્ટ્રેશન સંખ્યા અને પ્રાપ્ત ટીમ સ્પોન્સરશિપના આધારે ૮ અથવા ૧૨ ટીમના ફોર્મેટમાં નક્કી કરવામાં આવશે. મહિલા ક્રિકેટ ટુર્નામેંટ માં ભાગ લેવા માટે આવેલ રજીસ્ટ્રેશન માંથી પ્રથમ ૨૪ ખેલાડીઓ માટે મર્યાદિત રાખવામાં આવશે.

ટીમ સ્પોન્સરશીપ માટેનો નકરો પુરુષ ટીમ માટે રૂ. ૧૮૦૦૦/- અને મહિલા ટીમ માટે રૂ. ૯૦૦૦/- રાખેલ છે. રજીસ્ટ્રેશન માટેની ટોકન ફી, પુરુષો માટે રૂ.૧૫૦૦/- અને મહિલાઓ માટે રૂ. ૮૦૦/- રાખવામાં આવેલ છે. રજીસ્ટ્રેશન પ્રક્રિયા સંપૂર્ણ થઈ ગયા બાદ પુરુષ ટીમ માટેની ફાળવણી AUCTION દ્વારા તારીખ ૨૯ સપ્ટેમ્બર ના રોજ જ્ઞાતિ હૉલ ખાતે રાખવામાં આવશે જેમાં ટીમ સ્પોન્સર અને તેઓ દ્વારા નક્કી કરાયેલા ટીમ કેપ્ટન ભાગ લઈ શકશે.

**: કાર્યક્રમની વિગત :**

તારીખ ૨૧-૨૨ ડિસેમ્બર, ૨૦૨૪ ● સમય: સવારે ૬.૩૦ વાગ્યાથી
સ્થળ: એસ.જી.વી.પી. ગ્રાઉંડ, એસ.જી.હાઇવે

### INTER CITY TOURNAMENT

આ ઉપરાંત આ વખતે તારીખ ૨૧, ૨૨ ની ટુર્નામેંટ બાદ, ત્યાર પછીના અઠવાડિયાની અંદર આપણી સમગ્ર જ્ઞાતિ ના અન્ય શહેર ના જ્ઞાતિમંડળ ની યુવા ટીમો પણ ભાગ લઈ શકે અને સમગ્ર જ્ઞાતિ યુવાધન એક તાંતણે જોડાય તેવા આશય સાથે એક દિવસીય ક્રિકેટ ટુર્નામેંટનું આયોજન કરવા પણ વિચારેલ છે. આ અંગેની વધુ વિગત અમદાવાદ મંડળ તરફથી પ્રસારિત થતાં જ્ઞાતિ વોટ્સેપ સમાચાર દ્વારા જે તે સમયે પોસ્ટ કરવામાં આવશે.

**: કાર્યક્રમની વિગત :**

તા. ૨૮ અથવા ૨૯ ડિસેમ્બર, ૨૦૨૪ - સમય: સવારે ૬.૩૦ વાગ્યાથી
(Subject to Ground Confirmation)
સ્થળ: એસ.જી.વી.પી. ગ્રાઉંડ, એસ.જી.હાઇવે

આ ઉપરાંત અમદાવાદ બહારના મંડળ સાથે સંકળાયેલા જે મિત્રો (Only Male Team) આ ટૂર્નામેંટમાં ભાગ લેવા ઇચ્છતા હોય તે સૌએ તેઓના સંબંધિત મંડળના પ્રમુખ/સેક્રેટરીનો સંપર્ક સાધવાનો રહેશે. તેમજ આપના મંડળ તરફથી કેટલી ટીમ ટૂર્નામેંટમાં ભાગ લઈ રહેલ છે તે જણાવવાનું રહેશે.

આપ સૌ આ અંગેની વધુ વિગતો માટે અમદાવાદ મંડળ દ્વારા પ્રસારિત થતાં વોટ્સેપ સમાચાર Follow કરવાનું રાખશો. આ બાબતે જે સભ્યો અમદાવાદ મંડળ દ્વારા પ્રસારિત થતાં વોટ્સેપ સમાચાર ના મેળવતા હોય તેઓએ આ સમાચાર ગ્રૂપમાં જોડાવા માટે પોતાના મોબાઇલમાં ૭૫૭૪૦૦૪૭૪૭ નંબર (47 Dashashrimali) ના નામ થી સેવ કરીને આપના મોબાઇલ માંથી આ સેવ કરેલા નંબર ઉપર એક મેસેજ મોકલવાનો રહેશે જેમાં આપનું પૂરું નામ, હાલના રહેઠાણનું શહેર અને આપના મૂળ વતન નું નામ જણાવવાનું રહેશે.

આ અંગેની વધુ વિગત માટે આપ નીચેમાંથી કોઈ પણ એક નો સંપર્ક કરી શકો છો.

વિભાકર શાહ-કન્વીનર: મો. ૯૮૨૫૦૬૭૫૧૫ ● મયુર શાહ: મો. ૯૪૨૮૨૧૮૩૪૪

# બદલાયેલા સરનામા

### આજીવન સભ્ય

**ચિંતન દિલીપભાઈ શાહ.................(મોટપ)**
એ-૧૦૧, શુકન એપાર્ટમેન્ટ, ફતેહપુરા, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૭૨૪૫૫૧૭૫૨

**ઋષભ કિશોરભાઈ શાહ...............(ગાંભુ)**
એ-૫૦૩, શ્રી પાર્શ્વઉદય ફ્લેટ, શાન્તીવન, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો.: ૯૪૨૮૭૩૬૨૫૭, ૮૪૬૯૨૭૪૩૨૮

### અમદાવાદ

**વિશાલ મહેન્દ્રકુમાર શાહ..........(પીંઢારપુરા)**
સી-૩૦૪, તિર્થ કેસીટાસ, પી એન્ડ ટી કેન્ટીન પાછળ, વાસણા પોલીસ ચોકી સામે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૪૨૮૯૯૭૯૮૦


**કિશોરભાઈ જયંતીલાલ શાહ...........(ગાંભુ)**
એ-૫૦૩, શ્રી પાર્શ્વઉદય ફ્લેટ, શાન્તીવન, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો.: ૯૪૨૬૫૮૫૪૫૧

### મુંબઈ

**નવીનચંદ્ર ડાહ્યાલાલ શાહ.............(મગુના)**
૦૩, જીન્કુ સોસાયટી, એસ. વી. રોડ, બેંક ઓફ બરોડા પાસે, કાંદીવલી, મુંબઈ.
મો.: ૯૯૮૭૩૮૨૩૧૯

**બકુલ શિવલાલ ગાંધી................(મોઢેરા)**
મેસાકોન અલંકાર, CHSL ૭-એ વીંગ, ફ્લેટ નં.૧૦૦૧, લલ્લુભાઈ પાર્ક, L. S. Road, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૮.
મો.: ૯૯૬૯૦૧૮૭૮૮


# અનુમોદના



સાધ્વીજી પ.પૂ.કલ્પિતપૂર્ણા મહારાજ સાહેબશ્રી (જયંતીલાલ પોપટલાલ ગાંધી રણુંજના સંસારી પુત્રી) એ માસક્ષમણ (૩૦ ઉપવાસ)ની તપશ્ચર્યા નિર્વિઘ્ને પૂર્ણ કરી પાલીતાણામાં તા.૨૭-૦૮-૨૦૨૪ના રોજ પારણું કરેલ છે. તેઓશ્રી અત્યારે સુખ શાતામાં છે.

ખૂબ ખૂબ અનુમોદના





KINGS ABODE
KV
@KINGS VILLA

# Villa
Inspired by
## Modern Architecture

**Gift your loved one A dream villa @ Kings Abode**

**LAND SIZE : Aprox 700 - 1700 SQ. YD.**
**CONSTRUCTION : Aprox 200 SQ. YD.**







**FULLY FURNISHED VILLA (PROJECT BY KINGSVILLA)**
**(ENJOY THE EXOTIC LIVING, DERASAR & KINGS CLUB IN VICINITY)**




## OTHER AMENITIES

CLUB | DERASAR | WATER PARK | ATV BIKE| RESTAURANT | BANQUET
RAIN DANCE FLOOR | GAMING ZONE & MANY MORE...

**LAND SIZE : Aprox 700 - 1700 SQ. YD.   CONSTRUCTION : Aprox 200 SQ. YD.**

OTHER ATTRACTIVE PROJECTS

**KINGS CASTLE / KINGS AURA / KINGS LEGACY / KINGS GLORY**

(SCAN FOR VIDEO)

REDEFINE YOUR STAYS IN LUSH GREENERY.
BOOK YOUR DREAM VILLA @ KINGS ABODE

(SCAN FOR LOCATION)

**76000 71203 / 07, 99242 22538**

WEBSITE : (WWW.KINGSVILLA.IN)

***KINGSVILLA, OPP. BAVLA WATER TANK.***
***NEAR ADRODA VILLAGE (7 KM FROM BAVLA)***

## તેજસ્વી વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની માર્કશીટ

### STD-1 (YEAR 2023-24 )

| Sr. No | Name of Student | Village | Membership No. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | SHAH CHARVY DHAVALBHAI | UNAVA | 780 | 99.5 | 9974074278 |
| 2 | SHAH VED AASHISHBHAI | UNDHAI | 944 | 98.71 | 8485999797 |
| 3 | SHAH KAVYA GAURANGBHAI | UNAVA | 1008 | 94.5 | 7600137493 |

### STD-2 (YEAR 2023-24 )

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | SHAH VYANA DAXESHKUMAR | BHALAK | 807 | 98.6 | 8141817100 |
| 2 | SHAH BHAVYA ASHISHBHAI | DASAJ | 1287 | 85 | 9898477872 |
| 3 | SHAH RIYAN YOGESHBHAI | DENAP | 1023 | 79.2 | 9898006358 |

### STD-3 (YEAR 2023-24 )

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | SHAH TVISHA SANKETKUMAR | DENAP | 1012 | 98.38 | 8488863120 |
| 2 | SHAH JAINAM AMITKUMAR | KHAROD | 755 | 97.2 | 9898393272 |
| 3 | SHAH JAINIL AMITKUMAR | KHAROD | 755 | 95.2 | 9898393272 |

### STD-4 (YEAR 2023-24)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | SHAH VIHAN NIHARBHAI | PINDHARPURA | 587 | 98.2 | 8980448833 |
| 2 | SHAH RISHAN SAURABHBHAI | UNAVA | 766 | 95.12 | 9898271330 |
| 3 | SHAH SANVI ASHKISHKUMAR | UNDHAI | 944 | 91 | 8485999797 |

### STD-5 (YEAR 2023-24 )

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | SHAH DHYAAN SAURABHBHAI | BOKARWADA | 1038 | 97 | 8511109223 |
| 2 | SHAH DEV AMITBHAI | BHALAK | 701 | 95 | 9879613440 |
| 3 | SHAH KRISHA KUNALBHAI | BOKARWADA | 812 | 93.16 | 9879823538 |

### STD-6 (YEAR 2023-24)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | GANDHI PRANSH AAKASHBHAI | RANUJ | 747 | 96.67 | 9824044401 |
| 2 | SHAH NIRMIT RASHMINKUMAR | UNAVA | 1032 | 92.75 | 9924476470 |
| 3 | SHAH RUTVI YOGESHBHAI | DENAP | 1023 | 90 | 9898006358 |

### STD-7 (YEAR 2023-24)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | SHAH MISHA KAUSHALBHAI | BOKARWADA | 870 | 94.57 | 9909085959 |
| 2 | SHAH VEER KALPESHBHAI | GHAMBHU | 1195 | 85.67 | 8487989290 |
| 3 | SHAH ISHA VISHALBHAI | DELOLI | 1249 | 82.14 | 9825382621 |

### STD-8 (YEAR 2023-24)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | SHAH YASHVI JIGARBHAI | UNAVA | 866 | 94 | 9909930873 |
| 2 | SHAH RUDRA RONAKBHAI | MOTIDAU | 1164 | 93.63 | 9925010695 |
| 3 | SHAH YASHVI SACHINBHAI | BOKARWADA | 750 | 90.75 | 9979962480 |

### STD-9 (YEAR 2023-24)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | SHAH RITVA ALOKBHAI | BHALAK | 852 | 96.3 | 9426364424 |
| 2 | SHAH HET ALPESHBHAI | VISNAGAR | 863 | 92.85 | 8799348085 |
| 3 | SHAH NAITIK NIRAVBHAI | UNAVA | 707 | 92.4 | 9824413878 |



## તેજસ્વી વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની માર્કશીટ

### STD-10 (YEAR 2023-24)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | SHAH NIHAR DHAVALBHAI | KHAROD | 829 | 92.6 | 9328948075 |
| 2 | SHAH AAGAM SHARVINKUMAR | UNAVA | 784 | 92.33 | 9228892255 |
| 3 | SHAH ADI MARMIKBHAI | VADAVALI | 751 | 91.17 | 9558829515 |
| 3 | SHAH ANISHKA CHIRAGBHAI | BHALAK | 1269 | 91.17 | 9323996976 |

### STD-11(COMMERCE) (YEAR 2023-24)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | SHAH TWINCY SAPANBHAI | BHALAK | 1092 | 78.86 | 9408684828 |
| 2 | GANDHI PARAM PURAVBHAI | SAMODA | 1044 | 76.2 | 9428803305 |

### STD-11(SCIENCE) (YEAR 2023-24)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | SHAH PRATHAM MANISHBHAI | LACHDI | 408 | 91.8 | 9428352932 |

### STD-12(COMMERCE) (YEAR 2023-24)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | SHAH PARVA SAMIRBHAI | BHALAK | 715 | 88.53 | 9428119996 |
| 2 | SHAH FORAM HETALBHAI | BHALAK | 1012 | 86.4 | 9327659498 |

### STD-12(SCIENCE) (YEAR 2023-24)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | SHAH MANAV NIRAVBHAI | BOKARWADA | 1025 | 88.6 | 9913612210 |
| 2 | SHAH SHARVIL KAUSHALBHAI | DELOLI | 1250 | 87.69 | 9427616390 |

### STD-B.COM (YEAR 2023-24)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | SHAH MOKSHA BHADRESHBHAI | VADAVLI | 895 | 73.86 | 9825646360 |

### STD-B.PHARM (YEAR 2023-24)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | SHAH AYUSHI ALPESHKUMAR | VISNAGAR | 863 | 8.13 | 9724153081 |

### STD-B.C.A (YEAR 2023-24)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | SHAH VISHWA DHARMENDRABHAI | LACHDI | 990 | 8.89 | 8780728939 |

### STD-M.COM (YEAR 2023-24)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | SHAH RISHABH SANDEEPBHAI | BOKARWADA | 600 | 76.83 | 9825787549 |

### STD- PG DIPLOMA IN MGT (YEAR 2023-24)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | SHAH ARYA JIGARBHAI | BHALAK | 1035 | 7.53 | 9898149855 |

### STD-Charterd Accountant (YEAR 2023-24)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | SHAH RISHABH SANDEEPBHAI | BOKARWADA | 600 | 63.67 | 9825787549 |

પરસ્પર પ્રેમ-પરિચયથી પાંગરતા પરિવારો એટલે સમાજ. સમાજ એટલે શું? સમજદાર વ્યક્તિઓનો સમૂહ એટલે સમાજ. જે સમાજના લાંબાગાળાના હિતાર્થે વિચાર-વિનિમય કરી કામ કરે તેને સમાજ કહેવાય. સમજ વગરના સમૂહને તો ટોળાં જ કહેવાય જ્યાં તમે માથા ગણી શકો પરંતુ આવા માથામાં મગજ હોતું નથી. આવા લોકો યોગ્યતા વગર પ્રાપ્ત કરવાની તમન્ના, તાલીમ વગર ઉસ્તાદ ગણાવવાની અધિરાઈ, તપ્યા વગર તપસ્વી બનવાની કામના, મુલ્ય ચુકવ્યા વગર મહાન ગણાઈ જવાની ઉત્સુકતા, અંગત સ્વાર્થ સિધ્ધ કરવા જાહેર જીવનમાં જંપલાવી 'સામાજીક કાર્યકર્તા'નું બિરૂદ પ્રાપ્ત કરવાની મનોકામના. આ બધી જ મનોવૃત્તિઓ છે હીનકક્ષાના માનવીની. માનવતાને ન છાજે એવાં સાધનો-સિફારસો અને ષડયંત્રોથી પોતાની જાતને મોટા, લોકપ્રિય કે વી.આઈ.પી. કહેવડાવવાના આવા મોટા માથાઓએ સમાજનું ખુબ જ નુકશાન કર્યું છે.

ફક્ત ખુરશીમાં બેસવાથી કે, મોટી મોટી વાતો કરવાથી અથવા બીજાના વિચારો કે વિધાનો સામે રોષ વ્યક્ત કરવાથી સમાજમાં પરિવર્તન લાવી શકાતું નથી. સામા પ્રવાહે તરવાની જેનામાં તાકાત અને હિંમત હોય તેમને જ આ પરિવર્તનોની કલ્પના કરવાનો અને તેને સાકાર કરવાનો અધિકાર છે. નદીના કાંઠે બેસીને તમાસો જોનારાઓને કોઈ અધિકાર નથી. શાહમૃગ પોતાનું માથું રેતીમાં સંતાડી રાખે છે. તેને દુનિયાનું કે તેના સૌંદર્યનું જ્ઞાન હોતું નથી અને કાચબાની જેમ આગળ વધતો સમાજ ક્યાંય પછવાડે રહી જાય છે. જે ક્યારેય બીજાની સાથે થઈ શકતો નથી. પ્રગતિ કરી શકતો નથી. જેઓ પરિવર્તન ચાહતા હોય છે તેમને ઘણી વખત રૂઢી વાદીઓના રોષનો ભોગ બનવું પડે છે અને વિરોધની ભઠ્ઠીમાંથી પસાર થવું પડે છે. સોનાની માફક ભઠ્ઠામાંથી પસાર થનાર જ સમાજનું ઘડતર કરી શકે છે. પોતાની આકાંક્ષાઓને સાકાર કરી નવા યુગના મુક્ત જીવનનો આનંદ માણી શકે છે.

સમજદાર વ્યક્તિઓનો સમૂહ જ રાષ્ટ્રને અને સમાજને ઉન્નતિના પંથે લઈ જઈ શકે છે. ઉન્નતિ વગરનો વિકાસ ક્યારેક પતન નોતરે છે. કોઈપણ ઈમારત ચણતી વખતે તેનો પાયો વધુમાં વધુ મજબુત રાખવાનો પ્રયાસ કરવામાં આવે છે. જેટલી ઈમારત ઊંચી એટલો તેનો પાયો વધુ મજબુત એ સુત્ર ઉપર જ આર.સી.સી. ઈજનેરો કામ કરતા હોય છે. જો પાયો મજબૂત બનાવ્યા વગર ઊંચી ઈમારત ચણવામાં આવે તો તે ક્યારે પત્તાના મહેલની માફક કડડભૂસ થઈ જમીનદોસ્ત થઈ જાય તે કહી શકાય નહી.

કોઈપણ પ્રકારની નીતિ-શિસ્ત અને ઉત્સાહ જો માત્ર હંગામી ધોરણના હોય તો તે લાંબો સમય ટકી શકે નહી. માત્ર સારા ધ્યેય અને ઈરાદાઓથી નવિન સમાજના ઘડતરનો માર્ગ ખુલ્લો થતો નથી. 'સાથ-સહકાર અને સમજદારીથી સર્વોદય સમાજનું સર્જન' એટલે પ્રણાલીગત જુનવાણી રીતી રીવાજોમાં સમયે-સમયે સમસ્ત સમાજના હિતાર્થે વૈચારીક બદલાવ લાવી, નવા અભિગમ ધરાવતી પદ્ધતિની મૂળભૂત પાયામાંથી નવરચના કરવી જરૂરી છે. માત્ર ઉપરછલ્લા સુશોભનથી કંઈ વધશે નહી. નવા પ્રવાહમાં જોડાવવાનો અભિગમ કેળવી અમલમાં મુકે તેનું નામ સમાજ, સમયને અનુરૂપ બદલાવ કરતો રહે તે સમાજ. વિશ્વ સાથે કદમ મિલાવી ચાલે તે સમાજ.

તો આવો આપણા બધાના દ્રઢ સંકલ્પ અને સહિયારા પ્રયાસથી આપણા સમાજને નવી ક્ષીતીજો તરફ આગળ ધપાવવા અને સમાજનું નવનિર્માણ કરવા હ્રદયપૂર્વક કટીબદ્ધ બનીએ. સાચા પ્રયત્નોથી અને રચનાત્મક કાર્યથી પ્રગતિના પંથે આગળ વધવા અને સમાજને નવી દિશા તરફ લઈ જવામાં સહભાગી બનીએ. એક એક ટીપું ભેગું થઈને સાગર બને છે, તેથી દરેક ટીપું મહત્વનું છે. એક એક વ્યક્તિ ભેગી થઈને સમાજ બને છે તેથી દરેક વ્યક્તિ મહત્વની છે.

– સૂર્યકાન્ત એસ. ગાંધી (મોઢેરા-મુંબઈ)




સ્ટ્રેચ ફિલ્મ રોલ • શ્રિંક ફિલ્મ રોલ • બોક્ષ સ્ટ્રેપિંગ રોલ • બારકોડ પ્રિન્ટર • પેકિંગ કલીપ (સીલ્સ) • બ્રાઉન ટેપ • સેલો ટેપ • પ્લાસ્ટિક સુતળી • પેકિંગ મશીન

BHARTI ENTERPRISE
All Branded Products under One Roof

Offi : 1072, Taliy's Pole, Inside Sarangpur Gate, Sarangpur, Ahmedabad-380 001.

Bhavesh Shah 9427702080 | Samir Shah 9428119996 | Harshul Shah 9104276548 | Parshwa Shah 8511998531


(BHALAK)


## વિચારજો

આપણને અત્યારે ચારેકોર જે જીવસૃષ્ટિ દેખાય છે
તે આપણા ભૂતકાળના પર્યાયોનું જીવંત આલબમ છે.
આપણું જ પ્રતિબિંબ છે !
વિચાર કરો કે આપણે ક્યાં ક્યાં અને
કઈ કઈ અવસ્થામાં ભટકી આવ્યા ?
અને હવે
પણ ગાફેલ રહી
કરવા જેવો ધર્મ નહિ કરીએ તો
ક્યાં ક્યાં અને કઈ કઈ રીતે ભટકવું પડશે ?

श्री शंखेश्वर पार्श्वनाथाय नमः    श्री वासुपुज्य स्वामिने नमः    श्री घंटाकर्ण महावीराय नमः

# ભાવભીની શ્રધ્ધાંજલિ



# સ્વ. રાજેન્દ્રકુમાર મનુભાઈ શાહ

**(બોરીયાવી) હાલ કાંદીવલી, મુંબઈ**

**જન્મ તા. ૦૧/૦૬/૧૯૫૪ - સ્વ. તા. ૨૧/૦૮/૨૦૨૪, બુધવાર**

"જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે,
કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે,
દુ:ખથી કદી ડર્યા નથી, વ્યવહાર કદી ચૂક્યા નથી,
ધર્મ કદી ભુલ્યા નથી, સુખ દુ:ખમાં સદા હસતા રહ્યા તમે,
દિલ માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી.
પ્રભુ આપના આત્માને ચિર શાંતિ અર્પે....

**સાસરી પક્ષ (ગામ : મણુંદ)**

**અમૃતલાલ મોહનલાલ શાહ (સસરાશ્રી) • શારદાબેન અમૃતલાલ શાહ (સાસુશ્રી)**

પંકજભાઈ અમૃતલાલ શાહ (ભાઈ)
નયનાબેન પંકજકુમાર શાહ (ભાભી)
ગૌરવ પંકજકુમાર શાહ (પુત્ર)
કૃતી ગૌરવકુમાર શાહ (પુત્રવધુ )
હીનાંકી કાર્તિકકુમાર પટેલ (પુત્રી)

ઈન્દ્રવદનભાઈ (રાજુભાઈ) અમૃતલાલ શાહ (ભાઈ)
રશ્મીકાબેન ઈન્દ્રવદનભાઈ શાહ (ભાભી)
સચિનભાઈ ઈન્દ્રવદનભાઈ શાહ (પુત્ર)
શ્વેતા સચિનભાઈ શાહ (પુત્રવધુ)
પદ્મીનીબેન અંકુશકુમાર રાઠોડ (પુત્રી)

સુરેખાબેન પ્રમોદકુમાર શાહ (બહેન) ગામ: ભાલક
સંદિપ પ્રમોદકુમાર શાહ (પુત્ર) • સોનુ સંદિપકુમાર શાહ (પુત્રવધુ) • કિંજલ ભદ્રેશકુમાર શાહ (પુત્રી)

હર્ષાબેન ગુણવંતકુમાર શાહ (બહેન) ગામ: ગાંભુ
આદિત્ય ગુણવંતકુમાર શાહ (પુત્ર) • જુહી આદિત્ય શાહ (પુત્રવધુ) • વૈભવી, ઝુલી (પુત્રી)

'નામ.......?'

'.........'

નામ પૂછ્યા પછી સામેથી જવાબ ન મળ્યો હોય તેવો ડૉ. રાજ પંડિત માટે કદાચ આ પહેલો જ બનાવ હતો. તેમણે પોતાની સામે પેશન્ટ ચેર પર બેઠેલી યુવતી સામે નજર સ્થિર કરી ફરીથી પૂછ્યું :

'યોર નેઈમ પ્લીઝ....'

સામે એ જ યથાવત મૌન.....

ડૉ. રાજ પંડિત થોડી ક્ષણો માટે એકધારા એ યુવતી સામે તાકી રહ્યા. તે યુવતી હજુયે નીચું જોઇને બેઠી હતી. એકાએક તેના બંધ હોઠ ખૂલ્યા અને તેમાં હળવી ધ્રુજારી શરૂ થઈ. ત્યાર પછીની ક્ષણે તેમાંથી એક ડૂસકું બહાર સર્યું. 'તમે... તમે રડો નહીં પ્લીઝ... હજુ તો મેં તમારા કેસની ફાઈલમાં લખવા માટે તમારું નામ જ પૂછ્યું છે. તમે જો અત્યારથી જ રડવા લાગશો તો તમારી તકલીફ વિશે હું કેમ જાણી શકીશ ? જુઓ, સાંભળો, તમે અહીં એકલાં જ આવ્યાં છો કે તમારી સાથે અન્ય કોઈ આવ્યું છે ? જો કોઈ આવ્યું હોય અને જો તે બહાર બેઠું હોય તો તેને અંદર બોલાવી લો...' ડૉ. રાજ હજુ તો આટલું બોલ્યા ત્યાં પેલી યુવતીનાં ડૂસકાંઓનું સરોવર રુદનના સમુદ્રમાં ફેરવાઈ ગયું. તેને આમ રડતી જોઈ ડૉ. રાજે તરત જ તેની સહાયક નર્સ આશા તરફ ઈશારો કરી તેને પાણી આપવા સૂચવ્યું. આશાએ પાણીનો ગ્લાસ ભરી તે યુવતીને આપ્યો. તે યુવતીનાં હીબકાં હવે વચ્ચે વચ્ચે ભરાતા પાણીના ઘૂંટડાની સાથે સાથે ઓછા થવા માંડ્યાં. તે જોઈ ડૉ. રાજ પંડિતે થોડો નિરાંતનો શ્વાસ ખેંચ્યો. તેની સામે બેઠેલી અને મેડિકલ એપ્રેન્ટિસશિપ કરતી ડૉ. વિશ્વાએ મોં મચકોડ્યું.

ડૉ. વિશ્વા તાજેતરમાં જ ડૉક્ટર થયેલી યુવાન અને સુંદર યુવતી હતી. દાક્તરી વિજ્ઞાનના પ્રેક્ટિકલ પાઠો શીખવા તે ડૉ. રાજ પંડિતના ક્લિનિક પર આવતી હતી. ડૉ. રાજ પંડિતનું નામ આખા પોરબંદર શહેરમાં એક શ્રેષ્ઠ ગાયનેકોલૉજિસ્ટ તરીકે પ્રખ્યાત હતું. તેઓ સ્ત્રીરોગના નિષ્ણાત ડૉક્ટર જ માત્ર નહોતા પરંતુ એક ઉમદા માનવ પણ હતા. તેમનો સતત હસતો રહેતો ચહેરો, લહેકાથી બોલવાની લઢણ અને ખાસ તો પોતાનાં સ્ત્રી-દર્દીઓની માનસિકતા સમજવામાં પારંગતતાએ તેમને માત્ર શહેરમાં જ નહીં આસપાસના વિસ્તારમાં પણ લોકપ્રિય બનાવી દીધા હતા. તેની ઉપસ્થિતિમાં સારવાર લેતી દરેક સ્ત્રી એક વાત્સલ્ય તથા હૂંફની લાગણી અનુભવતી. આમ જુઓ તો શહેરમાં સ્ત્રીરોગના નિષ્ણાત ડૉક્ટર રાજના ક્લિનિક પર દર્દીઓની લાઇન લાગતી. તેની પાછળ મુખ્ય બે કારણો હતાં. એક એ કે; તેમના મુખેથી કદી નિરાશાની વાત નીકળતી જ નહીં. આવનાર દર્દીનું અડધું દુઃખ તો તેમના ઉત્સાહ અને ઉમંગભર્યાં વાણી-વર્તન વડે જ દૂર થઈ જતું, અને બીજું કારણ એ કે; તેને માટે હંમેશાં પૈસા કરતાં પોતાના પેશન્ટની તકલીફ વધુ રહેતી. આવેલા દર્દીને ઓછામાં ઓછા ખર્ચે કેવી રીતે સ્વસ્થ કરી શકાય તે બાબતે વિચારવું, તે તેમનો જીવનમંત્ર હતો.

સામે બેઠેલી યુવતી હવે થોડી સ્વસ્થ થઈ હોય તેવું લાગ્યું એટલે ડૉ. રાજે તેની સામે જોઈને પૂછ્યું :

'સાથે કોઈ આવ્યું છે કે...?'

'નહીં, એકલી જ આવી છું.' યુવતીના ગળામાંથી નીકળેલો અવાજ એટલો ધીમો હતો કે તેને સાંભળવા ડૉ. રાજે કાન સરવા કરવા પડ્યા.




'ઓ.કે. ડૉન્ટ વરી, અહીં મારી સાથે બે સ્ત્રીઓ છે. એક છે આશા સિસ્ટર અને બીજાં આ છે ડૉ. વિશ્વા.' ડૉ રાજે તે યુવતી માટે વિશ્વાસનું વાતાવરણ સર્જવા તે બન્નેનો પરિચય આપ્યો, 'હવે તારું નામ પૂછું તો રડવું નહીં આવે ને ?' સહેજ હળવાશથી ડૉ. રાજ બોલ્યા. પેશન્ટને હંમેશાં 'તમે' કહીને જ સંબોધન કરાય તેવા મેડિકલ એથિક્સની ઐસીતૈસી કરી ડૉ.રાજ તેની દીકરી જેવડી યુવતીઓને હંમેશાં 'તું' અને 'બેટા' કહીને જ બોલાવતા.

પેલી યુવતીના ચહેરા પર એક હળવું સ્મિત આવ્યું : 'ના.....ના..... ડૉક્ટર..... આય એમ સૉરી... પરંતુ....'

'ઈટ્સ ઑલ રાઈટ, હવે પહેલાં તારું નામ કહે અને પછી તકલીફ કહે.'

'મારું નામ કૃપા છે,... કૃપા જોષી.' તેણે સહેજ ખોંખારો ખાધો અને પછી આગળ ચલાવ્યું, 'તકલીફ એ છે કે મારા પેટમાં બે માસનો ગર્ભ છે. મેં આ પહેલાં જે ડૉક્ટરને બતાવ્યું હતું તેમણે મને કહ્યું કે પેટમાં ગર્ભનો વિકાસ ખૂબ જ ઓછો છે એટલે.....' તે સહેજ અટકીને પછી બોલી '..... ક્યુરેટ કરી બાળકને દૂર કરી ફરીથી પ્રેગ્નન્સી માટે ટ્રાય કરવી.....' બોલતાં બોલતાં તેનો કંઠ ફરીથી રૂંધાયો.

ડૉ. રાજ પંડિત અને ડૉ. વિશ્વા તેની સામું જોઈ રહ્યાં.

કૃપાએ ઝડપથી પોતાની જાત ઉપર કાબૂ મેળવી લીધો અને વાતનું અનુસંધાન સાધ્યું : 'પરંતુ તે શક્ય નથી. મારા હસબન્ડ લશ્કરમાં હતા. તેઓ રજામાં ઘરે આવ્યા હતા. અમે થોડો વખત સાથે રહ્યાં પરંતુ તેમને ડ્યૂટી પર જવાનો ઈમર્જન્સી કોલ આવતાં જવાનું થયું. પચ્ચીસ દિવસ પહેલાં જમ્મુમાં કોઈ આતંકવાદીની ગોળી વાગી એટલે.....' બોલતાં કૃપા ફરીથી રડી પડી.

ડૉ. રાજ પંડિતે ઉપરની સિલિંગ તરફ જોયું. ત્યાં કોઈ ઈશ્વર દેખાયો નહીં જે આ કૃપા ઉપર કૃપા વરસાવી શકે. ડૉ. રાજે એક ઊંડો શ્વાસ ખેંચ્યો અને પોતાની ખુરશી પરથી ઊભા થઈ અને કૃપા તરફ જોઈ એકદમ વિશ્વાસપૂર્વક બોલ્યા : 'બસ..... આટલી અમથી જ વાત છે ? અરે... એમાં શું થઈ ગયું બેટા, હું છું ને ? તારા પેટમાં રહેલા એ નાનકડા ફૌજીને એકદમ તંદુરસ્ત બનાવી અને ડિલિવરી પછી તેને તારા હાથમાં રમતો ન કરું તો મારું નામ ડૉ. રાજ પંડિત નહીં. સમજી ?' પછી એક ચપટી વગાડી બોલ્યા, 'કમ ઓન, ચાલ, સામેના ટેબલ પર સૂઈ જા એટલે હું ચેકઅપ કરી લઉં. અને હા, તે પછી હું જે દવા લખી આપું તે તારે નિયમિત ખાવી પડશે હો ?' કહી તેમણે પોતાની અંદરના ઈશ્વર સાથે એક મૂક સંવાદ શરૂ કર્યો જે કોઈ પણ કોમ્પ્લીકેટેડ કેસ હાથમાં લેતા પહેલાં તે હંમેશા કરતા : 'હે પ્રભુ, તમે તો જાણો છો કે અમારા મેડિકલ સાયન્સની એક સીમા છે. એ જ્યાં પૂરી થાય છે ત્યાંથી તમારી સરહદ શરૂ થાય છે. આ સ્ત્રી, કે જેણે પોતાનો પતિ હજુ હમણાં જ ગુમાવ્યો છે તેની પાસે તેનું બાળક રહેવા દેજે પ્લીઝ, નહીંતર આ બિચારી જીવશે કોના ભરોસે ? મારી મર્યાદા છે, મારી દવાની મર્યાદા છે, પરંતુ તારી તો

કોઈ જ મર્યાદા નથી. માટે એ દોસ્ત મને સાચો નિર્ણય લેવામાં મદદ કરજે પ્લીઝ....'

તે પછી દસ મિનિટ સુધી ડૉ. વિશ્વાએ કૃપાના ગર્ભાશયનું આખું વિશ્વ તપાસ્યું. ગર્ભસ્થ બાળકની કૂંડળી માંડી જોઈ. બાળકનો વિકાસ ઓછો તો હતો જ. સામાન્ય સંજોગોમાં અગાઉના ડૉક્ટરે કરેલા નિર્ણયને મંજૂરી આપવી જ પડે, પરંતુ અહીં પરિસ્થિતિ જુદી હતી. અહીં પેટમાં જે બાળક હતું તેને વિકસિત કરવું અને બચાવવું એ અત્યંત જરૂરી હતું. હમણાં જ વિધવા બનેલી એક સ્ત્રીની જીવનભર સાથ આપનાર મૂડીને ક્યુરેટ કરી વેડફી શકાય તેમ નહોતું તો સામા પક્ષે ઓછા વિકસિત ગર્ભને પેટમાં રાખી તેને બચાવવા પ્રયત્ન કરવો એ પણ ખૂબ જ જવાબદારીવાળું કામ હતું. ડૉ. રાજે જવાબદારી ઉઠાવવાનો નિર્ણય કર્યો. કૃપાને કહ્યું

'જો કૃપા, તને અગાઉ જે ડૉક્ટરે જે સલાહ આપી હતી તે સાવ ખોટી તો ન જ કહી શકાય, પરંતુ દરેક સમસ્યા તેનો ઉકેલ પોતાની સાથે લઈને આવતી હોય છે. આપણે એક ચાન્સ લેવા જઈ રહ્યા છીએ. એટલે આમાં ડૉક્ટર કે દર્દી, એટલે કે હું અને તું, એ આ કિસ્સામાં અપૂરતા ગણાઈએ. આપણે આમાં એક ત્રીજી હસ્તીને પણ સામેલ કરવી પડશે, જેને લોકો 'ઉપરવાળો' કહે છે. તું તેને પ્રાર્થના કર અને હું મારા તમામ અનુભવોને કામે લગાડું છું. તું આસ્થા નહીં ગુમાવતી, હું હિંમત નહીં ગુમાવું.... અને હા, તું કાલે ફરીથી આવજે. હું તને કાલે જ દવાઓ લખી આપીશ. ઓ.કે. ?' કહીને ડૉ. રાજે કૃપાને રજા આપી.

તે આખો દિવસ ડૉ. રાજ ઓ.પી.ડી.ની સાથે પોતાના મોબાઈલ પર અમદાવાદ, મુંબઈ અને બૅંગાલુરુ જેવાં મોટા શહેરોમાં પ્રેક્ટિસ કરતા પોતાના ગાયનેક ડૉક્ટર મિત્રો સાથે આ કેસની ચર્ચા કરી, લેટેસ્ટ સંશોધનો વિશે જાણતા રહ્યા અને અંતે તેના નિચોડ રૂપે કૃપા માટે લાઈન ઑફ ટ્રીટમેન્ટ નક્કી કરી. સામે બેઠેલી નવી નવી ડૉક્ટર થયેલી ડૉ. વિશ્વા આ બધું વિસ્ફારીત નયને જોઈ રહી હતી. ટ્રીટમેન્ટ માટે જે દવાઓ પોરબંદરમાં નહોતી તે બહારથી મંગાવી લેવા તેમણે પોતાના જાણીતા કેમિસ્ટને ફોન કર્યો અને બીજા દિવસે તે દવાઓ બાય-ફ્લાઈટ પોરબંદરમાં પહોંચી જાય તે માટે વગ વાપરવા પોતાના એક બિઝનેસમેન મિત્રને પણ ફોન કરી દીધો. ડૉ. વિશ્વા માટે આ બધું તદ્દન આશ્ચર્યજનક હતું. તેના મેડિકલ અભ્યાસના સાડા પાંચ વર્ષના કોર્ષમાં ડૉ. રાજ અહીં જે કરી રહ્યા હતા તે ક્યાંય આવ્યું ન હતું.

'એક પેશન્ટ માટે આટલી બધી મહેનત કેમ કરો છો સર...?' આખરે વિશ્વાએ પૂછી જ નાંખ્યું.

'પેશન્ટ...! આ બધું હું એક પેશન્ટ માટે થોડું કરી રહ્યો છું. આ બધું હું એક પેશન્ટ માટે થોડું કરી રહ્યો છું. આ બધું તો હું મારી જાત માટે કરી રહ્યો છું ડૉ વિશ્વા. ફક્ત સેલ્ફ સેટીસ્ફેક્શન માટે.... ઈનફેક્ટ હું એક ઋણ ઉતારી રહ્યો છું. એક પ્રૉમિસ નિભાવી રહ્યો છું.'

'કોનું ઋણ સર..... ? શેનું પ્રૉમિસ ?'

'એ વાત બહુ લાંબી છે ડૉ. વિશ્વા.' ઘડિયાળ તરફ જોતાં ડૉ.રાજે કહ્યું, 'એ બધું હું તમને કાલે કહું તો ? અત્યારે મને થોડું મોડું થઈ રહ્યું છે. મારો પુત્ર પાર્થ આજે જ ડૉક્ટર બની બૉમ્બેથી આવ્યો છે. આજે રાત્રે અમે બધાં 'સ્વાગત રેસ્ટોરેન્ટ'માં જમવા જવાનાં છીએ. કાલે તમે એ વાત ચોક્કસ યાદ કરાવજો. હું અવશ્ય તમને તે કહીશ..... ઈટ્સ પ્રૉમિસ.'

બીજે દિવસે સવારે કૃપા ડૉક્ટરની ચેમ્બરમાં આવી ત્યારે તે ગઈકાલ કરતાં ઘણી જ સ્વસ્થ હતી. તેની સાથે એક વૃદ્ધ યુગલ પણ હતું.

'ગુડ મૉર્નિંગ મિસિસ જોષી, વેલકમ.... આજે તમારી સાથે આવ્યાં છે તે તમારાં સાસુ અને સસરા હોય તેવું લાગે છે, એમ આય રાઈટ ?'

'રાઈટ સર, પહેલા ડૉક્ટરની મુલાકાત વખતે પણ તેઓ મારી સાથે આવ્યાં હતાં પરંતુ ત્યાં તે ડૉક્ટરની વાત સાંભળી તેઓ ભાંગી પડ્યાં હતાં. એટલે ગઈકાલે તમને મળવા હું એકલી જ આવી હતી. મેં અહીંથી જઈને તેમને બધી જ વાત કરી એટલે આજે તેઓ તમને મળવા આવ્યાં છે.'

'નમસ્તે.' ડૉ. રાજે બન્નેને નમસ્કાર કરી ટૂંકમાં આખીયે વિગત સમજાવી અને છેલ્લે કહ્યું : 'તમે ચિંતા ન કરશો. કૃપા માટે મેં એકદમ આધુનિક ટ્રીટમેન્ટ નક્કી કરી છે. જે દવા અહીં નહોતી મળતી તે પણ મુંબઈથી મંગાવી લીધી છે. આજ સવારની ફ્લાઈટમાં તે આવી પણ ગઈ છે.' કહેતા કહેતા ડૉ. રાજે પોતે મંગાવેલી દવાઓ કૃપાને આપી ને કઈ રીતે લેવી તે સમજાવી સાથે પૌષ્ટિક આહાર લેવાનું પણ સૂચવ્યું.' જતાં જતાં અહોભાવ સાથે તે દંપતીએ ફી અને દવાની રકમ વિશે પૂછ્યું ત્યારે ડૉ. રાજ બોલ્યા : 'નહીં..... નહીં..... કાંઈ જ નહીં. દેશની સેવા કરતા શહીદ થયેલા જવાનની પત્નીની ટ્રીટમેન્ટનો કાંઈ ચાર્જ લેવાય ખરો ? બસ, તમે ઈશ્વરને પ્રાર્થના કરો કે આપણી આ જહેમત સફળ થાય અને તમે બન્ને દાદા-દાદી બની જાવ.' ડૉક્ટરના એ વાક્યે તે ચેમ્બરમાં રહેલા સહુની આંખ ભીની થઈ ગઈ.

તે રાત્રે નવ વાગ્યે છેલ્લા પેશન્ટનું ચેકઅપ પૂરું થયું એટલે ડૉ. વિશ્વાએ ડૉ. રાજને તેમણે ગઈકાલે આપેલા પ્રૉમિસની યાદ અપાવી. ડૉ. રાજે વાત શરૂ કરી.

'આજથી લગભગ બેતાલીસ વર્ષ પહેલાંની આ વાત છે. પોરબંદરથી આશરે ચાલીસ કિલોમીટર દૂર આવેલા સોઢાણા ગામમાં એક શિક્ષક છોટાલાલ પંડિત તેનાં બે સંતાનો અને પત્ની સાથે એક નાનકડા ઘરમાં રહેતા હતા. તેમનાં બે સંતાનો પૈકી સૌથી મોટું સંતાન એટલે હું.

મને યાદ છે એ ડરામણી રાત..... તે દિવસે સવારથી જ વરસાદ પડી રહ્યો હતો. મારી માતાને ત્રીજી ડિલિવરીનું લેબર પેઈન સાંજથી શરૂ થઈ ગયું હતું. નાનકડા ગામમાં ક્વોલિફાઈડ ડૉક્ટર તો ક્યાંથી હોય ! વળી, વરસતા વરસાદમાં માતાને અહીં શહેર સુધી પહોંચાડવા કોઈ વાહન પણ મળે તેમ નહોતું. રાત્રીનો અંધકાર ઘેરો બનતો જતો તેમ તેમ મારી માતાની પીડા વધતી જતી હતી. મારા પિતાજીના ખાસ મિત્ર ભગવાનજીભાઈ ગામની જે દાયણને તેડી લાવ્યા હતા તે અંદરના રૂમમાં મારી મા સાથે રહી તેની આવડત પ્રમાણે મહેનત કરી રહી હતી. હું, મારી નાનકડી બહેન, પિતાજી અને ભગવાનજીકાકા બહાર પરસાળમાં બેસી માતાનો છુટકારો ક્યારે થાય તેની રાહ જોતાં હતાં. અંદરથી આવતી મારી માતાની ચીસોનો અવાજ મને પણ રડાવી રહ્યો હતો. આખરે તે દાયણે બહાર આવી પિતાજીને કહ્યું કે આને હવે શહેરમાં લઈ જવી પડશે. પેટમાં રહેલું બાળક આડું થઈ ગયું છે. અમે સૌ ગભરાઈ ગયા. એ વખતે ભગવાનજીકાકાએ પિતાજીને ધીરજ બંધાવતાં કહ્યું કે તમે ચિંતા ન કરો. બાજુના ગામે મારા એક સંબંધીને ત્યાં પ્રસંગ છે તે નિમિત્તે પોરબંદરથી એક ડૉક્ટર પણ આવ્યા છે. હું તેમને જઈને વાત કરું છું. જો તેમના હૈયે રામ વસે અને

# અવસાન-શ્રધ્ધાંજલિ



**ભારતીબેન રસિકલાલ શાહ**
ગામ : બોરીઆવી
હાલ : અમદાવાદ
સ્વ. તા.૦૬-૦૮-૨૦૨૪, મંગળવાર



**મંજુલાબેન શશીકાંત શાહ**
ગામ : મગુના
હાલ : અમદાવાદ
સ્વ. તા.૧૧-૦૮-૨૦૨૪, રવિવાર



**મીનબેન અલ્પેશકુમાર શાહ**
ગામ : બોકરવાડા
હાલ : મલાડ, મુંબઈ
સ્વ. તા.૧૧-૦૮-૨૦૨૪, રવિવાર



**ઉપેન્દ્રભાઈ રતિલાલ શાહ**
ગામ : ઉનાવા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૧૫-૦૮-૨૦૨૪, ગુરુવાર



**કાશ્મીરાબેન હેમંતકુમાર શાહ**
ગામ : મણુંદ
હાલ : પૂના
સ્વ. તા.૧૯-૦૮-૨૦૨૪, સોમવાર




**રાજેન્દ્રકુમાર મનુભાઈ શાહ**
ગામ : બોરીઆવી
હાલ : કાંદીવલી, મુંબઈ
સ્વ. તા.૨૧-૦૮-૨૦૨૪, બુધવાર



**વિનોદભાઈ દલસુખલાલ ગાંધી**
ગામ : મોઢેરા
હાલ : કાંદીવલી, મુંબઈ
સ્વ. તા.૨૨-૦૮-૨૦૨૪, ગુરુવાર



**અમરભાઈ શકરચંદ શાહ**
ગામ : મોટપ
હાલ : સુરત
સ્વ. તા.૨૩-૦૮-૨૦૨૪, શુક્રવાર



**પરીમલભાઈ રમણીકલાલ શાહ**
ગામ : મોઢેરા
હાલ : વડોદરા
સ્વ. તા.૨૪-૦૮-૨૦૨૪, શનિવાર



**પ્રજ્ઞાબેન પ્રદીપભાઈ શાહ**
ગામ : લુણવા મંડાલી
હાલ : મલાડ વેસ્ટ, મુંબઈ
સ્વ. તા.૨૬-૦૮-૨૦૨૪, સોમવાર

## આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના

તે આવવા તૈયાર થશે તો તેને તેડી લાવું છું. બાકી આવા વરસાદમાં બીજો કોઈ ઉપાય જ નથી.

ડૉ. વિશ્વા, તમે નહીં માનો માત્ર અડધા જ કલાકમાં ભગવાનજીકાકાના રાજદૂત સ્કૂટર ઉપર બેસીને પલળતા પલળતા એક ડૉક્ટર આવ્યા અને..... અને મારી મા બચી ગઈ. તે રાત્રે ફાનસના આછા અજવાળામાં મેં તે ડૉક્ટર નહીં પરંતુ ઈશ્વરને જોયો. જેણે મને નમાયો થતાં બચાવી લીધો હતો. તેમણે જતાં જતાં મને પૂછ્યું કે તું મોટો થઈને શું બનીશ ? ત્યારે મારા મોઢામાંથી શબ્દો સર્યા..... 'તમારા જેવો ડૉક્ટર.' એ એક બાળકના મોઢેથી બોલાયેલા શબ્દો નહોતા..... ડૉ. વિશ્વા, પરંતુ મેં સમગ્ર માનવજાતને આપેલું પ્રૉમિસ હતું. બાજુના ગામે પોતાના સગાને ત્યાં પ્રસંગે આવેલા એ ડૉક્ટર પ્રસંગ છોડીને મેઘલી રાતે જે રીતે મારી માને બચાવવા ચાલી નીકળ્યા તે ઘટના મારા ચિત્તમાં એવી રીતે અંકિત થઈ ગઈ છે કે માનો આજે પણ દરેક ગર્ભવતી સ્ત્રીના ચહેરામાં મને મારી માનો ચહેરો દેખાય છે.

આપણે ગાયનેકોલૉજિસ્ટ તો એવી વ્યક્તિ છીએ ડૉ. વિશ્વા, કે જેણે, ઈશ્વરે જેનું જતનપૂર્વક સર્જન માતાના ગર્ભમાં નવ માસ સુધી કર્યું હોય તેને કાળજીપૂર્વક બહાર લાવી તે માતાના હાથમાં સોંપવાનું જ કાર્ય કરવાનું હોય છે, આપણે નસીબદાર છીએ કે ઈશ્વર પોતાના આ સર્જનકાર્યમાં આપણને ભાગીદાર બનાવે છે...... ફક્ત આપણને જ. અને એક વાત કહું ડૉ. વિશ્વા.....? ડૉક્ટર માટે દાક્તરી એ કદાચ એક પ્રોફેશન હશે પરંતુ દર્દી માટે તો ડૉક્ટર તેનો જીવનદાતા હોય છે એ પાઠ હું વર્ષો પહેલાંની એ મેઘલી રાત્રે શીખ્યો હતો..... યસ..... એ જ રાત્રે.'

ડૉ. વિશ્વા ભીની આંખે, અહોભાવપૂર્વક ડૉ. રાજ પંડિતના પચ્ચાસ વર્ષીય ચહેરા પર ચમકતી આભાને જોઈ રહી..... તેના કાનમાં શબ્દો ગુંજતા હતા.....

**તુજ મેં રબ દિખતા હૈ.....**

હરીષ થાનકી-પોરબંદર (સૌજન્ય: અખંડ આનંદ)

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥ ॥ શ્રી વાસુપૂજ્ય સ્વમિને નમઃ ॥ ॥ શ્રી ઘંટાકર્ણ મહાવીરાય નમઃ ॥

# શ્રધ્ધાંજલી



## સ્વ. રાજેન્દ્રકુમાર મનુભાઈ શાહ

(બોરીઆવી) હાલ:કાંદીવલી,મુંબઈ

જન્મ તા.૦૧-૦૬-૧૯૫૪ - સ્વ.તા.૨૧-૦૮-૨૦૨૪, બુધવાર

## અશ્રુભીની આંખે નિ:શબ્દ શ્રધ્ધાંજલિ

**ભારતીબેન (પ્રવિણાબેન) રાજેન્દ્રકુમાર શાહ**

**પુત્ર સ્વ. રૂપેશ રાજેન્દ્રકુમાર શાહ • પુત્રી દિપ્તી રાજેન્દ્રકુમાર શાહ**

સત્કર્મો તેમની શોભા હતી... સજ્જનતા તેમની સુવાસ હતી,
પ્રસન્નતા તેમનું જીવન હતું... પરોપકાર તેમનું રટન હતું.
આપના પ્રેમ ભર્યા સ્વભાવની મીઠી સુવાસ અમારા હૈયે હંમેશા રહેશે.
ત્યાગ, સમર્પણ, સાધર્મિક અને ભક્તિના માર્ગે ચાલીને ટુંકુ પણ સાર્થક જીવન જીવ્યા.
આપના દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા ચિર:શાંતિ અર્પે એજ પ્રાર્થના

**શાહ કમળાબેન મનુભાઈ શિવલાલ પરિવાર, બોરીઆવીવાળા**

### ભાઈઓનો પરિવાર

સ્વ. સુરેન્દ્રકુમાર મનુભાઈ શાહ
સ્વ. અરૂણાબેન સુરેન્દ્રકુમાર શાહ
ભદ્રેશભાઈ સુરેન્દ્રકુમાર શાહ

સ્વ. ચીનુભાઈ મનુભાઈ શાહ
સ્વ. જસુમતીબેન ચીનુભાઈ શાહ
મુકેશભાઈ ચીનુભાઈ શાહ
સંજયકુમાર ચીનુભાઈ શાહ
અનિતાબેન અલ્પેશકુમાર શાહ

### બહેનોનો પરિવાર

સ્વ. મધુબેન ચીનુલાલ ગાંધી (મોટેરા)
ચીનુલાલ અમૃતલાલ ગાંધી
અમિતભાઈ ચીનુલાલ ગાંધી

સ્વ. રંજનબેન મહેન્દ્રભાઈ શાહ (દેલોલી)
સ્વ. મહેન્દ્રભાઈ તલકચંદ શાહ
જયદિપભાઈ મહેન્દ્રકુમાર શાહ
ફાલ્ગુનીબેન અલ્પેશકુમાર ગાંધી

સ્વ. ઈન્દિરાબેન શકરચંદ શાહ (મોટપ)
સ્વ. શકરચંદ લીલાચંદ શાહ
મનિષભાઈ શકરચંદ શાહ
સ્વ. અમરભાઈ શકરચંદ શાહ
માયાબેન હીતેષકુમાર શાહ
મમતાબેન વિપુલકુમાર શાહ

રેખાબેન સુરેશકુમાર શાહ (ઉનાવા)
સ્વ. સુરેશકુમાર રસિકલાલ શાહ
મિલીનભાઈ સુરેશકુમાર શાહ
શૈષવભાઈ સુરેશકુમાર શાહ
દિપાબેન અમિતકુમાર શાહ

RNI No. GUJGUJ/2003/11307. • Published on 1st date of Every Month. Registered under Postal Registration No. GAMC-1401/2024-2026 valid up to 31st December 2026. Issued by SSPO's Ahmedabad City Fivision, permitted to post at Ahmedabad PSO on 1st date of Every Month. License to post without prepayment No. PMG/NG/102/2024-2026 valid up to 31/12/2026.



**I do not know, if this will reach to PM Modi, or it will get recognized at all. But have done my job and have sent this to PMO.**

વંદનીય પ્રધાનમંત્રી શ્રી મોદીજી,

આશા રાખું કે મારો આ લેખ આપશ્રી સુધી જરૂર પહોંચે. કદાચ ના પણ પહોંચે, તો પણ કોઈ એવી Technocrat વ્યક્તિ પાસે તો જરૂર પહોંચે કે જે આ વિષય ઉપર ગહન વિચાર કરે અને કોઈ એવું સાધન શોધી કાઢે કે જે ભવિષ્યમાં કોઈપણ અબળા બહેન પોતાના ઉપર આવેલી મુસીબતમાંથી મુક્તિ મેળવી શકે.

આદરણીય મોદીજી, સમગ્ર દેશના પ્રધાનમંત્રી હોવાના નાતે આપ શ્રી ૧૪૫ કરોડ હિંદવાસી હિંદ-પરિવારના મુખિયા પણ છો જ. અને તે નાતે આપશ્રી આપનાથી ઉંમરલાયક સૌના પુત્ર, મારા જેવા સૌ સમવયસ્ક ભાઈ બહેનના બંધુ, સૌ યુવાન, યુવતી તેમજ બાલ-ગોપાલના પિતા સમાન છો. અને આ નાતે આપશ્રીની જવાબદારીઓ પણ વિશેષ છે જે આપ માર્ગમાં આવતી હર મુશ્કેલીનો સામનો કરીને સુપેરે નિભાવી રહ્યા છો. પ્રધાનમંત્રી હોવાની સાથે સાથે આપશ્રી એક સફળ રાજ નેતા, એક સફળ યોગ પુરુષ, સફળ આધ્યાત્મિક સંત, કુશળ એડમિનિસ્ટ્રેટર, સંમોહક વક્તા અને એક સુંદર લેખક તેમજ ઉમદા કવિ પણ છો. આપના કાવ્ય સંગ્રહ 'આંખ આ ધન્ય છે' માં સમાયેલા દરેક ૬૭ કાવ્યના આસ્વાદ દ્વારા આપમાં રહેલ કવિ હૃદય અને લાગણીઓનો પણ લહાવો પ્રાપ્ત થયેલ છે. આ સર્વ માટે આપશ્રીને મારા કોટિ કોટિ પ્રણામ તો છે જ. પરંતુ...

આજના સમાચાર પત્રમાં રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિત્તે આપશ્રી દ્વારા આપના નિવાસસ્થાને બાલ દીકરીઓ સાથે રક્ષાબંધનની ઉજવણીની તસવીર નિહાળીને ગદગદિત થઈ જવાયું. અવાર નવાર સમગ્ર દેશના સંચાલનની સાથે સાથે હર એક દેશવાસી, પછી એ કોઈ પણ વર્ણનો હોય, કોઈ પણ જાતિનો હોય, કોઈ પણ ઉંમરનો હોય, કોઈપણ Field નો હોય, પરંતુઆપશ્રી તેનું સન્માન કરવાનું કે પ્રોત્સાહિત કરવાનું ચુકતા નથી. પરંતુ આજના સમાચાર પત્રના આ ફોટાની સાથે જ હાલમાં કલકત્તામાં ઘટેલ દુર્ઘટનાના વિશેષ સમાચાર પણ છપાયેલ હતા. અવાર નવાર દેશમાં ચારે બાજુથી આવી દુર્ઘટનાના સમાચાર આવતા જ રહે છે. ખૂબ જ દુખ થાય છે કે શું આ પણ ભારતીય સંસ્કૃતિના સંસ્કાર છે ? શું આનો કોઈ ઉપાય નથી ? આપણાં ત્યાં ન્યાય અને કાનૂન તો છે જ, પરંતુ લાગે છે કે તે ગુનો થવાની રાહ જુવે છે અને પછી ગુનેગાર ને સજા કરે છે. અને આ માટે ગુનો કર્યા પછી પણ તેમાંથી છૂટવાની અનેક છટકબારીઓ હોય છે.

આ વિષયે અહીં મારે કોઈ વિશેષ છણાવટ નથી કરવી કે કોઈને દોષી પણ નથી પુરવાર કરવા. પરંતુ એક એવો વિચાર જન્મ લઈ રહ્યો છે કે શું આપણે સમાજમાં આવા ગુના ઓ થયા જ કરે તેની રાહ જોવી, અને પછી ન્યાયની લાંબી પ્રક્રિયામાં ઉલઝતા રહેવું. શું એવું કઈ ના કરી શકીએ કે આવી ઘટનાઓ ઘટે જ નહીં અથવા તો ખુબજ અલ્પ સંખ્યામાં કે જ્યાં આપણી વ્યવસ્થા પહોંચી ના શકે ત્યાં પૂરતી જ સીમિત બને.

મારા અમેરિકા ખાતેના વસવાટ દરમ્યાન ત્યાંની સરકાર દ્વારા પ્રસ્થાપિત એક પ્રણાલી અત્રે યાદ આવે છે. અમેરિકામાં મહદ અંશે સંયુક્ત કુટુંબની પ્રથા નથી યુવાન પુત્ર-પુત્રી માતા-પિતા થી અલગ રહેતા હોય છે. આવે સમયે વયસ્ક/વૃધ્ધ માતા-પિતા એકાકી જીવન જીવતા હોય છે. આવા એકાકી જીવન જીવતા નાગરિકો માટે એક એવું લોકેટ વિકસાવવામાં આવેલ છે કે કોઈ પણ મુસીબત કે મુશ્કેલી ના સમયે આ લોકેટ ધારક વ્યક્તિ તેના દ્વારા નજીકના Emergency Cel નો સંપર્ક સાધી શકે છે અને ગણતરીના સમયમાં જ તેમને સહાય પ્રાપ્ત થઈ શકે છે. શું આપણે ત્યાં પણ આવી કોઈ વ્યવસ્થાના વિકસાવી શકાય કે જે દરેક યુવા દીકરી પોતાના સ્વરક્ષણ માટે આવું ઉપકરણ ધારણ કરે અને વિકટ સમયે સહાય મેળવી શકે.

આશા છે કે કદાચ આપણે ત્યાં આવી કોઈ વ્યવસ્થા હયાત હશે, જો હોય તો વ્યાપક પ્રમાણમાં તેનો પ્રચાર થાય અને જો ના હોય તો આ દિશામાં ચોક્કસ પણે કોઈ નક્કર કાર્ય થાય.

અંતમાં
એક સજાગ નાગરિક
વિભાકર શાહ-મો.: ૯૮૨૫૦૬૭૫૧૫

**'મોદી હૈ તો સબ મુમકિન હૈ'**

परिवार पत्रिका
PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Printed and Published by PRAMODBHAI NAVNITLAL GANDHI on behalf of SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
Office Time : 10-30 to 6-30 (Monday Close) • Email : mahesana_jainprant@yahoo.com • www.47dashashreemali.in
Printed at Jagadish Offset, Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL, P. Gautam & Co., Nandanvan, Ground Floor, Town Hall, Ellisbridge, Ahmedabad - 380 006. Editor - PRAMODBHAI NAVNITLAL GANDHI